બઢતી/ઉપધો/ ડીમડેઇટ વખતે ગુજરાત મુલ્કી સેવા
( પગાર) ૨૦૦૨ ના નિયમ-૧૩ મુજબ પગાર બાંધણી
માટે વિકલ્પ આપવા બાબત,

ગુજરાત સરકાર
સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર - ૧૦૨૦૧૪- યુ.ઓ.૫૦૦ - ચ
નાણા વિભાગ,સચિવાલય
ગાંધીનગર
તા. 30 JUN 2014

વંચાણમાં લીધો- (૧) ના.વિ. નો ઠરાવ ક્રમાંક પગર-૧૦૮૮-૧૧૪૨-ચ-તા.૬-૪-૯૦
(૨) ના.વિ. નો ઠરાવ ક્રમાંક પગર-૧૧૯૪-૪૪-મ-તા.૧૬-૦૮-૯૦
(૩) ના.વિ. નો ઠરાવ ક્રમાંક પગર-૧૦૯૯-૨૧-ચ-તા.૦૫-૦૧-૯૯

## ઠરાવ

ઉપરોકત વંચાણે લીધેલ હુકમોથી મૂળ સંવર્ગના ઇજાફાની તારીખથી બઢતીવાળી જ્ગ્યાના પગાર ધોરણમાં પગાર-બાંધણી કરવાનો વિકલ્પ આપવાની જોગવાઇ છે. આ જોગવાઇ ઉચ્ચતર પગાર ધોરણ અને ડીમડેઇટના કિસ્સામાં પણ લાગુ પાડવામાં આવે છે. આ જોગવાઇ અનુસાર બઢતીના હુકમો ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરતાં હુકમો અને ડીમડેઇટ મંજૂર કરતાં હુકમોની તારીખથી એક માસમાં વિકલ્પ આપવાનો રહે છે.

ઉપરોકત જોગવાઇની જાણકારી ન હોવાના કારણે અથવા અન્ય કારણોસર ઘણા કિસ્સામાં નિયત સમય મર્યાદામાં વિકલ્પ નહી આપવાના કારણે પગારમાં વિસંગતતા ઉભી થાય છે. અને પાછળથી સમય મર્યાદામાં છુટછાટ મુકીને વિકલ્પ બદલવાની મંજૂરી આપવાની રજૂઆતો નાણા વિભાગ સમક્ષ કરવામાં આવે છે.

હાલની જોગવાઇઓને ધ્યાને લેતાં પગાર-બાંધણી બાબતે કર્મચારીએ આપેલ વિકલ્પ બદલી શકાતો નથી અને એવુ ધ્યાન પર આવેલ છે કે સંબંધિત કર્મચારીને કાયમી ધોરણે નાણાકિય નુકશાન થવાના પ્રસંગો બને છે. ઉકત બાબત ધ્યાને લઇ પગાર -બાંધણી અંગે સમય મર્યાદા બાદ વિકલ્પ બદલી આપવાના કેસોને વિચારણા કરવા બાબત નીચે મુજબના સભ્યોશ્રીઓની બનેલ એક સમિતિની રચના કરવાનુ આથી ઠરાવવામાં આવેછે.

( ૧ ) મુખ્ય સચિવશ્રી
( ૨ ) અગ્ર સચિવશ્રી ( આ.બા ) ના.વિ
( ૩ ) અગ્ર સચિવશ્રી ( ક.ગ ) સા.વ.વિભાગ

પગાર બાંધણી સંદર્ભે વિકલ્પ બદલવાની મંજૂરી અર્થે નાણા વિભાગમાં રજૂ થતાં તમામ કેસો નાણા વિભાગ દ્વારા આ સમિતિ સમક્ષ નિર્ણય અર્થે રજૂ કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એચ.ડી.સેઇલર )
સંયુકતસચિવ
નાણા વિભાગ

પ્રતિ
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭,રાજકોટ/અમદાવાદ

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.

પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.

સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી.,

ગાંધીનગર. નિવાસી તપાસણી અધિકારી,ગાંધીનગર/અમદાવાદ.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.સર્વે માન્ય મંડળો

( પંચાયત સેવાના એસોસિએશનો સહિત) નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

- પત્ર દ્વારા.